શ્રી જલારામ મંદિર – શિકાગો દ્વારા પ્રકાશિત

# જલારામ દર્પણ

ફોન: ૮૪૭-૪૯૦-૫૨૫૨ / ૮૪૭-૮૦૧-૪૭૫૨

ફેક્સ: ૮૪૭-૪૫૦-૧૭૧૮

http://www.shreejalarammandir.org

૪૨૫ ઈલીનોઈસ બુલેવર્ડ, હોફમેન એસ્ટેટ્સ, ઈલીનોઈસ – ૬૦૧૬૯

એપ્રીલ ૨૦૧૯ ☼ વર્ષ – ૧૧ ☼ અંક – ૩૮

## આગામી ઉત્સવો

**-: શ્રી હનુમાન જયંતિ :-**

**સુંદરકાંડ પાઠ**

શુક્રવાર, એપ્રિલ ૧૯ – રાત્રે ૮:૦૦ કલાકે

**૧૦૦ હનુમાન ચાલીસા પાઠ**

શનિવાર, એપ્રિલ ૨૦ – બપોરે ૨ કલાકે

**-: સુંદરકાંડ પાઠ :-**

**પૂ. અશ્વિનકુમાર પાઠક દ્વારા**

શુક્રવાર, જુન ૭

સાંજે ૮:૦૦ કલાકે

**-: સમુહ સત્યનારાયણ કથા :-**

રવિવાર, જુન ૧૦

સાંજે ૪:૦૦ કલાકે

**દરેક ઉત્સવો બાદ પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે**

**-: Shri Hanuman Jayanti :-**

**Sunderkand Path**

Friday, April 19 - 8:00 PM

**100 Hanuman Chalisa Path**

Saturday, April 20 - 2:00 PM

**-: Sunderkand Path :-**

**By Pujya Ashwinkumar Pathak**

Friday, June 7

8:00 PM

**-:Samuh Satyanarayan Katha:-**

Sunday, June 10

4:00 PM

**Prasad will be served after each event**

**આપ ઉપર જણાવેલ કોઈપણ ઉત્સવોમાં યજમાન તરીકે, આરતી અથવા પ્રસાદની સેવા આપવા ઈચ્છતા હોય તો આપને હસમુખભાઈનો ૮૪૭-૩૭૧-૧૦૯૮, ભુપેન્દ્રભાઈનો ૨૨૪-૭૧૫-૨૦૧૦ અથવા ભાવિકભાઈનો ૬૩૦-૪૧૫-૫૫૯૫ પર સંપર્ક કરવા વિનંતી છે.**

*If you would like to sponsor any of the events, aarti or prasad seva, please contact Hasmukhbhai @ 847-371-1098, Bhupendrabhai @ 224-715-2010 or Bhavikbhai @ 630-415-5595.*

# ***President's Corner***

*Dipak Thakkar*

*JAY JALARM,*

*First quarter of 2019, We celebrated Navgrah Puja, Jalaram Bapa's Punyatithi, Shivratri and Holi. On the day of Holi Celebration, at time of Holika dahan, approximately 2300 devotees participated in the celebration. With everyone's support and help all the events were very enjoyable and successful.*

*During next few months we are planning to celebrate two major events at our Mandir. Please mark your calendar for July 6 & 7, 2019, our Mandir's third Patotsav and August 11-18, 2019 Shrimad Bhagvat Katha. Details of programs and invitations are coming soon.*

*As we know during hot summer days Mandir's main hall temperature gets uncomfortable, so we are planning to upgrade Mandir's HVAC systems very soon.*

*Your support and suggestions are welcome to improve our service and events.*

*On behalf of our committee I thank you all for your support and volunteer services. May Jalaram Bapa bless you and your family.*

## સંસ્થા સમાચાર

**સંકલનઃ હરિવદનભાઇ ઠક્કર**

સૌ જલારામ ભકતોને શ્રી જલારામ મંદિર તરફથી જય શ્રી જલારામ.

આપણા શ્રી જલારામ મંદિરમાં ૧૩ જાન્યુઆરી રવિવાર ના શુભ દિને નવગ્રહ મંડળ ની પુજા થી શરૂઆત થઇ. પૂજારી શ્રી કેયુરભાઇ અને શ્રી ધર્મેન્દ્રભાઇના અઘાઢ અનુભવથી સ્વયંસેવકોએ ખૂબ જ સુંદર રીતે નવગ્રહ મંડળની સ્થાપના કરી, યજમાનો એ પૂજાનો લાભ લીધો અને સૌ ભક્તોએ દર્શન કર્યા.

૨૬ જાન્યુઆરી શનિવાર ના દિવસે આપણી ભારત માતાના પ્રજાસત્તાક દિન નિમિત્તે ભારત માતા અને અમેરીકાના ધ્વજ નુ આરોપણ કરી રાષ્ટ્રગીતોનું ગાન કર્યુ.

પ.પૂ. જલારામબાપાની પૂણ્યતિથિ ૨૮ ફેબ્રુ. ગુરૂવારના દિને બાપાની પૂજા કરી બાપાના આશીર્વાદનો લાભ અનેક ભક્તોએ લીધો.

માર્ચ ૪ સોમવાર અને મહાશિવરાત્રીનો શુભ સંગમ. શ્રી શંકર ભગવાનના પવિત્ર અને શુભ દિને આખો દિવસ મંદિરમાં શંકર ભગવાનના અભિષેકનો લાભ અનેક ભક્તોએ લીધો. સાંજે શિવજીની પૂજામાં યજમાનોએ મંદિરમાં સ્થાપિત શિવલીગના અભિષેકનો લાભ લીધો. શિવજીની પ્રિય ભાંગના પ્રતિક રૂપે ઠંડાઇના પ્રસાદનો લાભ લગભગ ૭૦૦ થી ૮૦૦ ભક્તો એ લીધો અને શિવજીને પ્યારા ભજન સત્સંગનો લાભ લીધો.

માર્ચ ૨૦ બુધવાર હોલિકાદહનનો તહેવાર બાપાની કૃપાદ્રષ્ટીથી આ વખતે પણ વિલેજમાંથી પરમીટ મળતા વિના તકલીફે ઉજવાયો. વરસાદની આગાહી હોવા છતાં હોળી પ્રગટ કરવાની હતી અને બાપાની દયાથી બિલકુલ વરસાદ ન પડયો અને હવામાન પણ સારૂ રહ્યુ. લગભગ ૨૩૦૦ જેટલા ભક્તોએ દર્શન, પ્રદક્ષીણા અને માનતા પૂર્ણ કરવાનો લાભ લીધો. ભક્તોએ મહાપ્રસાદનો પણ લાભ લીધો.

આ બધુ જ બાપાના આશીર્વાદ અને ચમત્કાર સિવાય શક્ય નથી.

દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિરમાં ફ્રી હેલ્થફેરનુ આયોજન ૩૧, માર્ચ રવિવાર ના દિવસે થયુ. લગભગ ૨૨૦ જેટલા જરૂરતમંદ લાભાર્થીઓએ આનો લાભ લીધો.

શ્રી જલારામ મંદિરમાં બાપાના આશીર્વાદથી અનેકવિધ અન્ય સામાજીક સેવાકીય પ્રવૃતિઓ ચાલી રહી છે. ખાસ કરીને આપણાં નાના બાળકો ને ધર્મ પ્રત્યે રૂચી થાય, ધાર્મિક વૃતિ વધે, માતૃભાષાનુ જ્ઞાન મળે અને તેમની આંતરીક ખુબીઓનો સમાજને લાભ મળે તેવા ‘બાલ વિહાર’ કાર્યક્રમને ખુબજ આનંદથી વધાવ્યો અને તેમના સંચાલકોને ખુબજ ધન્યવાદ ઘટે છે.

મંદિરના પૂજારીઓશ્રી કેયુરભાઇ અને શ્રી ધર્મેન્દ્રભાઇ ખુબજ ઉમદા રીતે દરેક ધાર્મિક કાર્યક્રમોને વિધિપૂર્વક કરાવી યજમાનોને સંતુષ્ટ કરે છે.

સૌ ભક્તોને મંદિરમાં ચાલતી અનેકવિધ પ્રવૃતિઓ માં જોડાઇ શ્રી જલારામબાપાના આશીર્વાદ મેળવે તેવી પ્રાર્થના.

અત્યાર સુધી મળેલા આપ સૌના સાથ, સહકાર અને સેવાને હ્રદય પૂર્વક પ્રણામ અને ભવિષ્યમાં એવી જ રીતે મળતા રહે તેવી અપેક્ષા સાથે આપ  સૌને પ્રણામ અને જય જલારામ.

## વિવેક

**સંકલનઃ ડૉ. મગનભાઇ પટેલ**

‘વિવેક‘ ચિંતામણિ ગ્રંથમાં સદ્‌ગુરૂ મુકતાનંદ સ્વામી કહે છે
‘વિના વિવેક સંસાર સબ, ભવ ભટકત મતિમંદ
સાર અસાર વિવેક જેહી, સોઇ સાધુ જગવંદ

અર્થાત, અનેક સત્યનો સમૂહ એટલે વિવેક. ભગવાન, સંત, સેવા, ભક્તિ, દાન, પૂણ્ય, ધર્મ, પરોપકારાદિ સત્યના સમૂહને વિવક કહી શકાય. એક જ વસ્તુને પકડી રાખનારને સ્વામી મતિમંદ સંજ્ઞા તરીકે ઓળખાવે છે. શાસ્ત્રોના પઠન દ્વારા જાણવા મળે છે કે ઋષિમુનિઓએ વિવેકને દશમોનિધિ ગણાવ્યો છે. સત્યાસત્યના જ્ઞાનને વિવેક તરીકે ઓળખી શકાય. આ સંસાર નાશવંત છે. દેહ ક્ષણભંગુર છે. સગા-સબંધી સ્વાર્થને નિહાળે છે. અંતિમ વિધિને પણ ન પામે, સર્વે સ્વાર્થના સગા છે. આવા વિચિત્ર સ્વાર્થને પ્રજાજનો એટલે કે સબંધીઓ માન આપે છે.

આ મુકતાનંદ સ્વામી પંચવિષક સબંધી સુખને નાશવંત ગણે છે. તેને મોહ કહે છે. મોહમાં વ્યગ્ર બનેલ મનુષ્ય સુખથી જ આનંદ પામે છે. વિવેકી હંમેશા સત્યનો આગ્રહ રાખે છે. ભેજપુરમાં સ્વામી જયારે હતા ત્યારે બે ત્રાણ દિવસ અગાઉ જ ત્યાં પધારેલા નિલકંઠવર્ણિએ દિવાલમાં દેખાતુ કાણું એ ધર્મમાં કાણું છે એમ કહીને તે કાણું પુરાવી દીધેલુ. બ્રહ્મચર્યના હિમાપતી વિવેકાચાર્યે એ વાતને માન્ય રાખી, આત્મવિવેકી સત્યને જ મોહ સમજતા હોવાથી ત વાતને સ્વીકારે છે.

માણસનું મન ચંચળ છે. તે અનેક ઘાટ ઘડયા કરે છે. યુગોથી વિષયો ભોગવતુ મન સારા નરસા ઘાટ સંકલ્પને ટાળવાનો ઉપાય એ જ મુકતમુનિનું જીવન છે. શ્રીજી પણ વચનામૃતમાં કહે છે કે ઘાટ રાખવા માટે મુકતમુનિ જેવા મોટા સંતને યાદ કરયા તો ઘાટની નિવૃત્તિ થાય છે. વળી વિવેકહીન વ્યક્તિ માત્ર પગથી જ ચાલે છે. માથુ નથી ચાલતુ માત્ર પગથી ચાલે તે પણ પશુ ગણાય, પગ અને માથુ બંને ચાલે તે સુજ્ઞ, વિવેકી છે. શ્રી હરિ અન્ય અવતાર વચ્ચેનો ભેદ, સાચા સંત બંનેને સુજ્ઞ અને વિવેકી કહ્યા છે. વિવેક એ સ્થાયી ગુણ છે. તે રાતો રાત આવતો નથી, જતો પણ નથી. સાચા સંત અને બાવા વચ્ચેનો ભેદ,મદિરા અને ગંગાજળ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરે તે જ પથદર્શક બની શકે છે. વિવેકરૂપી કળશ ચઢાવવા રાત-દિવસ ઝઝુમવુ પડે છે. સાચા સંતના વિવેક સબંધી કહે છે કે,
સંત સંત જગતમેં કહે નિજપાવા, સંત મિટાવે કેરો શુદ્ધ હોય
તાતે પાપ ન રખના ગોઇ, વિવેક વિમલ વિમલ કેરો શુદ્ધ હોય
એટલે કે સાચા સંતોના સમાગમ, દર્શન, સ્પર્શથી જ સર્વ પાપો નાશ પામે છે. સાચા સંતો આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રાણેય તાપોને હરે છે.

સાર-અસારનો વિવેક વ્યક્તિએ જાણવો જોઇએ. જો વિવેક ન હોય તો રસસાસ્વાદના શ્રી ગણેશ આવે છે જે શ્રાવણમાસના એકટાણાને રાત્રે શેકયા સીંગદાણા જેવી લોક કહેવતો યાદ રાખવા જેવી છે. પ્રસાદમાં પણ વિવેક જાળવવો જોઇએ. પ્રસાદ પ્રસન્નતા આપે છે. નહિતર ઉદરના રોગો વ્યાપે છે. કાનથી નહિ પણ ધ્યાનથી સાંભળવુ તે વિવેક છે. તેનાથી સુક્ષ્મભાવનો પણ સરળતાથી સમજાય છે. જે આત્મવિવેકી હોય તે શાંતિ ઝંખે છે. તેને કહે છે કે માનવ જન્મ ચુકયા છે એમ સમજવુ. સ્વામી દાસભકિતના આચાર્ય સાચે સાચે વિવેકાચાર્ય પણ હોવા જોઇએ. જીવનમાં આવતા કપરા સંજોગોમાં પણ કયારેય વિવેક-મર્યાદા ચૂકવી નહિ. વિવેક ચિંતામણી ગ્રંથમાં વર્ણન છે કે
વિના વિવેક સંસાર સબ, ભવ ભટકા મતિમંદ
સાર અસાર વિવેક જેહી, સોઇ સાધુ જગવંદ
એટલે કે સત્, અસત્નો વિવેક હોવો જોઇએ.

મંદિરમાં શ્રી હરિ બેઠા હોય તેવા માંગલિક પ્રસંગે સમગ્ર મકાન રંગ બેરંગી રોશનીથી ઝગમગતુ હોય ત્યારે પ્રકાશથી આંખો શ્રાણભર તરવર થઇ જાય છે પણ સદ્‌વિચારો આવતા એ આપોઆપ બંધ પણ થઇ જાય છે. કોઇની હાજરીમાં કે ગેરહાજરીમાં પણ કોઇએ જૂઠુ બોલવુ જોઇએ નહિ તેથી તો લખ્યુ છે કે,
મુખ મીઠો જુઠે, મનેજી કુડક પટનો રે કોટ, જીભ તો જીજી કરે તે જી, ચિતસહિ તાકે ચોટ
એટલે કે સચ્ચાઇનો પ્રભાવ અનેરો છે તે સામાના દિલમાં પ્રભાવ ફેલાવે છે.

વિવેકી વ્યક્તિ હંમેશા ગુણગ્રાહી હોય છે. સર્વમાંથી તે ગુણ ગ્રહણ કરે છે. આપણે વિવેક, સત્યના કળશ ચઢાવવા રાત-દિવસ પ્રયાસ કરવો. સાર-અસારનો વિવેક જાણ્યા સિવાય કરતા વ્રતો-નિયમો વાસનાને તીવ્ર કરે છે. શબ્દકોશમાં પણ કહ્યુ છે કે વિવેક, સારાસારની સમજણ, descrimination, discreation, સુસભ્યતા, સંસ્કારિતા, politness, culture, શિષ્ટાચાર, etiquette, વિવેકી, સમજુ, સભ્ય વગેરે વિવિધ શબ્દો વાપરવામાં આવે છે.

સંસ્કૃત ભાષામાં વિવેક શબ્દનો અર્થ આ રીતે રજૂ થયેલો છે. વિધિનજિત ઇતિ વિવેક. એટલે કે વિશેષતઃ વિકિત કરવી. તેનું નામ વિવેક છે. આ સંસાર આશ્ચર્ય પમાડે તેવો વિચિત્ર છે. મનુષ્ય સામાજિક પ્રાણી છે. ધર્મ, શિક્ષણ, વેપાર, રોજગાર જેવા વિવિધ સમાજ ઉપયોગી સંગઠનો તેને સહાયરૂપ બને છે. એકલા દોકલ વ્યક્તિનો વિકાસ સંભવી શકે નહિ. શ્રી હરિએ અતિકૃપા કરીને માત્ર મનુષ્યને જ સત્-અસત્નો વિવેક કરવાની પ્રેરણાદાયી શક્તિ આપી છે. તેણે અહંકારી ન બનતાં દરેકને સહાયરૂપ બનવાની કોશિષ કરવી જોઇએ.

આપણું ખરેખર સદ્ભાગ્ય છે કે સંચાલકોના કઠોર પરિશ્રમથી વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ અવારનવાર મંદિરમાં થાય છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ બેનમૂન કાર્ય અવારનવાર થતુ રહે છે. ૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ ધ્વજવંદન થાય છે. યુવાનોને સદ્માર્ગે દોરવા સઘન પ્રયત્નો થતા રહે છે, તે હકિકત નોંધપાત્ર ગણાય છે.

આપણે તમામ હરિભક્તોએ મંદિરના વિકાસકાર્યમાં સાથ સહકાર આપી મંદિરનું ગૌરવ વધ્યા કરે તેવા પ્રયત્નો કરવા જોઇએ. દર ગુરૂવારે તથા રવિવારે સારી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહીને મંદિરને શોભાવે છે તે ખરેખર ગૌરવની વાત છે. તમામ હરિભક્તોએ વિવિધ કાર્યોમાં તન, મન અને ધનથી શક્ય તેટલી તમામ બાબતોમાં સહાયરૂપ થવામાં જ સહુનું હિત સમાયેલુ છે.

આ મનુષ્ય જીવન પાણીના પરપોટા જેવુ ક્ષણભંગુર છે તેનો ક્યારે અંત આવશે તે સત્ય હકીકત જલારામબાપા તથા મહાન સંતો સિવાય કોણ જાણી શકે? સમયનો સદ્ઉપયોગ કરી સંસાર સાગર તરી જવાની આ ઉત્તમ તક છે. આપણે હંમેશા યાદ રાખવુ કે આ ભવસાગર પાર કરાવનાર પૂ. જલારામબાપા તથા શ્રી રામ તથા આપણા મંદિરમાં પ્રસ્થાપિત અનેક દેવ-દેવીઓની કૃપા જ ગણી શકાય. આ તમામ દેવોને વંદન કરતાં આનંદ અનુભવે તે જ સાચા ભક્તો ગણાય.

આ ભવસાગર પાર કરાવનાર તો પરમ વંદનીય સંત જલારામબાપા જ છે. તેમના ચરણોમાં તથા અન્ય પ્રસ્થાપિત દેવ-દેવીઓના ચરણોમાં કોટિ કોટિ વંદન કરી રાજીપો મેળવી લેવાનું હરિભક્તોએ ક્યારેય ભૂલવુ જોઇએ નહિ. આ વિશાળ જગતમાં પૂ. જલારામબાપાના નામનો અને તેમના કામનો મહિમા અનંત છે. જલારામબાપાને કોટિ કોટિ વંદન કરવા ઘટે.

## <u>મહાશિવરાત્રિ</u>

**સંકલનઃ રજનીકાંત મોદી**

મહાશિવરાત્રિ પર્વ એ દેવાધિદેવ, મહાદેવ જે સંપૂર્ણ પ્રાણીઓના રક્ષક છે. પાપનો નાશ કરનારા છે. પરમેશ્વર છે. ગજરાજનું ચર્મ પહેરનારા છે. શ્રેષ્ઠ છે. જેની જટામાં ગંગાજી ખેલી રહ્યા છે અને એક માત્ર  શ્રી મહાદેવનું સ્મરણ કરૂ છું. મહા માસમાં કૃષ્ણ પક્ષની અમાવસ્યા યોગવાળી ચૌદશ એટલે શિવરાત્રિ. સામાન્ય રીતે આપણા બધા જ તહેવારો દિવસે ઉજવીએ છીએ પણ આ એક વિશિષ્ટ તહેવાર એવો છે કે તે રાત્રિના ઉજવવાનું મહાત્મય છે.

શિવરાત્રિ સંમનાસ્તિ વ્રતાનામુત્તમં વ્રતમ્ । જ્ઞાનતો જ્ઞાનતો વાપિકૃત્વા મોક્ષમ્વાપ્નુયાત ॥
સર્વ મંગલશીલા ચ સર્વા મંગલ નાશિની । ભક્તિ મુક્તિ પ્રદાયેષા સત્યં સત્યં વચનને ॥

મા પાર્વતીએ પ્રભુ શિવજી પાસે ઉત્તમ વ્રત માટે યોગ્ય નિર્ણય માંગ્યો. તે સમયે મહાદેવજીએ લાક્ષણિક અદામાં પોતાના મુખે સુંદર મહાત્મ્ય બતાવ્યુ. મહા માસના કૃષ્ણ પક્ષમાં અમાવસ્યા યોગવતી ચૌદશ એટલે શિવરાત્રિ કહેવાય છે. આ તિથિ મને ખૂબ જ પ્રિય છે. આ તિથિનું વ્રત કરનાર માનવ નિત્ય મુકિતને પામે છે. સર્વ પ્રકારના યજ્ઞો કરતા પણ ઉત્તમ વ્રત છે. આ શિવરાત્રિ તિથિમાં જે જપ-તપ-દાન-પુણ્ય-

અનુષ્ઠાન-ઉપાસના-મંત્ર-ધ્યાન કરવામાં આવે છે તે કરોડગણું પુણ્ય આપનારૂ છે. જ્ઞાનથી કે અજ્ઞાનથી પણ મહાશિવરાત્રિ કરનાર વ્યક્તિ મોક્ષ પામે છે. અને તે વ્યક્તિ નિત્ય સદાશિવનું સાનિધ્ય મેળવે છે.

મહાશિવરાત્રિ એટલે જીવને શિવ સાથે જોડવાનું પાવન પર્વ, આપણી જીવન રેખા જીવ અને શિવની વચ્ચે જ ઝોલા ખાય છે. જીવને જીવન છે, કવન છે, અને આવાગમન છે. જયારે શિવ શાશ્વત છે, ચૈતન્ય છે અને પરાત્પર છે. જીવને રાગદ્વેષ, કામ, ક્રોધ, લોભ અને મોહના બંધન છે. મહાશિવરાત્રિ જીવને શિવ સાથે જોડીને ઉપરના તમામ બંધનોમાંથી મુકિત મેળવવાનું પાવનકારી પર્વ છે.

શિવજીનું સ્મરણ કરતાં જ એક છબિ આપણી મનઃચક્ષુ સામે તાદ્રશ્ય થઇ જાય છે. આ છબિમાં શિવજીએ જે સાત વસ્તુઓ ધારણ કરી છે તે પણ આપણા માનસપટ પર ઊભરી આવે છે. આ પ્રતીકાત્મક સાત વસ્તુઓ તે ત્રિશૂળ, ડમરૂ, નાગ, અર્ધચંદ્ર, ગંગા, નંદી (પોઠીયો) અને કાચબો છે. આમાંથી પ્રથમ પાંચ વસ્તુઓ શિવજીએ શરીર ઉપર ધારણ કરી છે જયારે નંદી અને કાચબાને પોતાની સન્મુખ રાખ્યા છે.

આ સાતેય વસ્તુઓ શિવજી સાથે કેવી રીતે જોડાઇ તેની કથા શિવપુરાણમાં સવિસ્તારથી આલેખાઇ છે. આ સાતેય પ્રતીકો છે અને તેમાંથી શિવ જેવાજ ગુણો પ્રગટ થાય છે. આના દ્વારા શિવજીએ પોતાના ભકતોને એક ઉપદેશ આપ્યો છે. આજે આપણે સાતેય પ્રતીકોના ગુણ બોધ વિષે થોડુ સંક્ષિપ્તમાં જાણીએ.

૧ - ત્રિશૂળઃ- ત્રિશૂળ સત્વગુણ, રજોગુણ અને તમોગુણનું પ્રતિક છે. વળી શિવજીએ દુષ્ટોના સંહાર હેતુ ત્રિશૂળ નામનું શસ્ત્ર ધારણ કરેલુ છે. ત્રિશૂળ વડે જ શિવજીએ સત્વગુણીઓનું રક્ષણ અને રજોગુણી તથા તમોગુણીઓનો સંહાર કર્યો છે.

૨ - ડમરૂઃ- શિવજી જયારે ડમરૂ વગાડે છે ત્યારે તેમાંથી ચૌદ પ્રકારના માહેધર સૂત્રો પ્રગટ થાય છે. શિવ કહે છે મારો ભકત પ્રહમમાં (મારામાં) લીન હોવો જોઇએ.

૩ - નાગઃ- નાગ જાગૃતિનું પ્રતીક છે. જેને શિવજીએ ગળામાં ધારણ કર્યો છે. શિવ પોતે પણ જાગૃત દેવ છે અને તેમને હંમેશા જાગૃત ભકત જ વધુ પ્રિય છે. તેથી ભકતે જાગૃત રહેવુ જ પડે.

૪ - અર્ધચંદ્રઃ- ચંદ્ર મનનું પ્રતીક છે. મન હંમેશા ચંદ્ર જેવુ નિર્મળ હોવુ જોઇએ. મન નિર્મળ હોય તોજ મસ્તિષ્ક (બુદ્ધિ) નિર્મળ હોય ચંદ્રને મસ્તિષ્ક પર ધારણ કરી શિવ ભકતોને આ બોધ આપે છે.

૫ - ગંગાઃ- શિવજીએ ગંગાને પોતાની જટામાં ધારણ કરી છે. જે જ્ઞાનનું અને પવિત્રતાનું પ્રતીક છે. આના દ્વારા શિવજી કહે છે કે મારો ભકત પવિત્ર અને જ્ઞાનપિપાસુ હોવો જોઇએ.

૬ - નંદી (પોઠીયો):- નંદી પરિશ્રમ અને ભાર વહનનું પ્રતીક છે. નંદીને પોતાનું વાહન બનાવી શિવજી કહે છે કે મારો ભકત પરિશ્રમી અને સંસારના અનેક ભારનો વાહક હોવો જોઇએ.

૭ - કાચબોઃ- કાચબાને શિવજીએ સન્મુખ રાખ્યો છે, જે સંયમનું પ્રતીક છે. શિવજી કહે છે કે જેમ કાચબો પોતાના અંગો સંકેલી સંયમ રાખે છે તેમ મારો ભકત પણ પોતાની ઇન્દ્રિઓને સંકેલી સંયમ રાખી શકે તેવો હોવો જોઇએ.

# જલારામ કૃપા

૧) પરમ પૂજ્ય જલારામબાપા અને પૂ. સાંઇબાબા ના ચરણોમાં કોટી કોટી પ્રણામ. જલારામબાપા અને સાંઇબાબા ની કૃપાથી મારા હસબંડનો રીપોર્ટ એકદમ નોર્મલ આવેલ છે અને મારી કાંઇ ભૂલ થઇ હોય તો માફ કરશો.

૨) પૂ. જલારામબાપાની કૃપાથી મારા પતિના સુગરનું લેવલ પહેલા કરતા ઘણુ સારૂ થઇ ગયુ છે. બાપાને પ્રાર્થના કરી હતી કે એમનુ સુગર સારૂ થઇ જાય તો હું પરચો છપાવીશ. બાપા હંમેશા બધાના પર તમારા આશીર્વાદ બનાવી રાખશો.

૩) પૂ. સાંઇબાબાના ચરણોમાં કોટી કોટી પ્રણામ. તમારુ નામ લેવાથી પરીક્ષામાં સફળતા મળી. મારા બધા કામ તારૂ નામ લેવાથી પાર પડે છે. આવી જ રીતે મારા ને મારા પરીવાર સાથે રહેજો.

૪) જયશ્રી જય અંબેમા, જય જલારામબાપા, આપની કૃપા અમારા પર અસીમ છે. મારી દિકરીની તેમજ મારી તબીયત બગડી હતી. મારા દિકરાની આંખે તકલીફ થઇ હતી. પણ બાપાના આશીર્વાદ અને મા અંબાની કૃપાથી બધાંને સારુ થઇ ગયુ. ખરેખર અમારા ઘરના સર્વેની શ્રધ્ધા - વિશ્વાસ અને ધીરજ એ બાપા અને મા અંબાજી પર છે. આપ સર્વે દેવી- દેવતા ના આશીર્વાદથી સદબુધ્ધી અને ભક્તી કરવાની શક્તિ આપે એજ મારી હૃદયપૂર્વકની આશા છે.

૫) પૂ. બાપાને મારા લાખ લાખ વંદન. મને બહુજ બીમારી હતી. મારાથી બીલકુલ ખવાતુ ન હતુ તેમજ પાણી પણ ટકતુ ન હતુ. પૂ. બાપાની કૃપાથી મારી તબિયત સારી થઇ ગઇ. જેથી યથાશક્તિ ભેટ મૂકી બાધામાંથી મુક્ત થાઉ છુ.

૬) જલારામબાપા તમે ભક્તોના બેલી છો. તમારા પરચા અપરંપાર છે. મારી વાઇફને હેવી ઓપરેશન કરાવવાનું હતુ. અમે ઘરના બધા ટેન્શનમાં હતા. અમે તમોને યાદ કરી પરચો છપાવવાની બાધા રાખી હતી અને ઓપરેશન ખુબજ સારી રીતે થઇ ગયુ અને આજે બીલકુલ સારૂ થઇ ગયેલ છે. હવે પહેલાં જેવી જ નોર્મલ લાઇફ માં આવી ગઇ છે.

૭) જલાસાંઇના ચરણોમાં કોટી કોટી પ્રણામ, કોટી કોટી વંદન. મને ગળામાં દુ:ખતુ હતુ અને ઉધરસ પણ થઇ હતી. બીજી એક વાત કે હું ઘણા સમયથી ખાસ ટપાલની રાહ જોતી હતી. મેં પરચો છપાવવાની માનતા માની ને તરતજ થોડા સમયમાં બન્ને કાર્ય થઇ ગયાં. જલાસાંઇ આવીજ રીતે સદા અમારી સાથે રહેજો. જેવી મારી સહાયતા કરી તેવી સૌની કરશો.

૮) જય જલારામબાપા, અમે લોકો ઇન્ડીયા જવાના હતા પણ મારી તબીયતના લીધે ખુબજ ટેન્શન હતુ. પછી મેં જલારામબાપાને ઈન્ડીયાથી સારી રીતે પાછા આવી જઇએ તે માટે પ્રાર્થના કરી. બાપાની અસીમ કૃપાથી અમે લોકો બધા જ કામ સારી રીતે પતાવીને પાછા આવી ગયા. બાપા અમારો પરચો જેમ ફળ્યો તેમ બધાના ફળજો.

***નોંધ: ઉપર પ્રકાશિત કરેલા પરચાઓ જલારામ ભક્તો તરફથી આવેલ છે જેમણે પોતાના નામ જાહેર ન કરવાની વિનંતી કરેલ છે.***

૧) જય જલારામબાપા, મને ઢીચણની નીચે એકદમ દુ:ખાવો થયો. પછી ધીરે ધીરે વધતો ગયો, મારાથી પગ ઉંચો ન થાય. મેં બાપા જલાબાપાની માનતા માની અને મને સારુ થઇ ગયુ. અત્યારે એકદમ નોર્મલ થઇ ગયુ. બાપા તો હાજરા હજૂર છે.

- ઈલા પટેલ (લીટલ રોક)

## જલારામ દર્પણ ભેટ યોજના

*આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.*

| | |
|---|---|
| ➢ અશોકભાઇ / ભગવતીબેન પટેલ | ડો. ૨૨.૦૦ |
| ➢ ઇલાબેન / નિલેષભાઇ પટેલ | ડો. ૩૧.૦૦ |
| ➢ શિલ્પાબેન દિનેશભાઇ પટેલ | ડો. ૫૧.૦૦ |
| ➢ સુરેન્દ્રભાઇ / વર્ષાબેન પટેલ | ડો. ૨૫.૦૦ |
| ➢ મિલેષભાઇ / મીનાક્ષીબેન ચાંપાનેરી | ડો. ૧૧.૦૦ |
| ➢ ભગવતીબેન પટેલ | ડો. ૧૧.૦૦ |
| ➢ ડૉ. મગનભાઇ પટેલ | ડો. ૨૧.૦૦ |
| ➢ રામ ભરોસે | ડો. ૧૪૩.૦૦ |

## વિશેષ નોંધ

સૌ ભકતોને નમ્ર વિનંતી કે જો આપનું સરનામું બદલાયું હોય તો આપ મંદિરની ઓફિસમાં જાણ કરશો અથવા ઇ-મેઇલ દ્વારા જણાવશો જેથી જૂનું સરનામું રદ કરીને નવુ સરનામું નોંધી શકાય અને આગામી ઉત્સવો તેમજ અન્ય સમાચાર પત્રો નવા સરનામે મોકલી શકાય. આ ઉપરાંત મંદિર તરફથી ઇ-મેઇલ દ્વારા પણ આગામી ઉત્સવો તેમજ જલારામ દર્પણ મોકલાવીએ છીએ. જો આપને ઇ-મેઇલ દ્વારા સમાચાર મેળવવાની ઇચ્છા હોય તો આપ ઓફિસમાં ૮૪૭-૪૯૦-૫૨૫૨ પર સંપર્ક કરી શકો છો.

## જનરલ

દરેક ઉત્સવના ફોટા મંદિરની વેબસાઇટ ઉપર મૂકવામાં આવે છે જેની સૌ ભકતોએ નોંધ લેવા વિનંતી છે. મંદિરમાં ચાલતી પ્રવૃત્તિઓ અથવા મંદિરને લગતા કોઇ સુધારા માટે આપને કોઇ સૂચન હોય તો મંદિરમાં એક સૂચન પેટી (સજેશન બોકસ) મૂકવામાં આવેલ છે જેમાં આપના સૂચનો મૂકી શકો છો. મંદિરની સમિતિ યોગ્ય સૂચનોનો વિચાર વિમર્શ કરી અમલ કરશે.

## ડોનેશન કેન

આપણું શ્રી જલારામ મંદિર સને ૨૦૦૮માં ખુલ્લુ મુકાયુ ત્યારે મંદિર માટે ભંડોળ એકત્ર કરવા ભકતજનોની વિનંતીથી ‘‘ટીપે ટીપે સરોવર ભરાય અને આપણું શ્રી જલારામ મંદિર સતત ઝળહળે’’ તેવા સંકલ્પથી દિવસનો એક ડૉલર ડોનેશન કેનમાં મુકી કેન ભરાયેથી મંદિરમાં પરત આપવાનુ નક્કી થયેલ હતું. આપની પાસે જો કેન હોય તો તેને અવારનવાર મંદિરે આવતા જતા ઓફિસમાં આપી અને પાછું લઇ જવા નમ્ર વિનંતી છે.

## વીરબાઇમા હોલ

આપના ઘરમાં આવતા કોઇપણ પ્રસંગ માટે આપ મંદિરનો સભા હોલ રાખી શકો છો. આ ઉપરાંત આપ મંદિરનું ભોંયરૂ તથા રસોડુ પણ લગ્ન પ્રસંગ, વર્ષગાંઠ અથવા સીમંત જેવા પ્રસંગો માટે રાખી શકો છો. આ પ્રસંગો દરમ્યાન મંદિર તરફથી વ્યાજબી દરે સુંદર રસોઇની પણ સગવડ પ્રાપ્ત છે. આ માટે આપને  ભુપેન્દ્રનો ૨૨૪-૭૧૫-૨૦૧૦ પર સંપર્ક કરવા વિનંતિ છે.